મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૨ ટકા
ગાંધીનગર તાપમાન

પાલજ પ્રાથમિક શાળામાં ટોય અને પઝલ ગેમ દ્વારા શિક્ષણ

ગાંધીનગર, તા.૧૯

સરકારી પ્રાથમિક શાળા પાલજમાં નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ ચિલ્ડ્રન યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર પંકજભાઈ, પાયલબેન તથા રાજેશભાઈ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને એક દિવસીય સેશન કાર્યક્રમમાં ટોય અને મેથેમેટિકલ પઝલ તેમજ ભૌમિતિક આકૃતિઓ અને નકશા દ્વારા સર્જનાત્મક અને મૂલ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું હતું. ચિલ્ડ્રન યુનિવર્સિટીના ટોય રિસર્ચ સેન્ટર દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય હિતેશભાઈ પટેલ દ્વારા ચિલ્ડ્રન યુનિવર્સિટીની ટીમને શુભેચ્છા પત્ર પાઠવવામાં આવ્યું હતું તેમજ ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓને બીરદાવવામાં આવી હતી. શાળાના આચાર્ય અને ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી આ પ્રવૃત્તિ ખૂબ જ પ્રશંસનીય રહી અને તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય ગ્રામજનો એસએમસીના સભ્યો તેમજ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષક ગણ ઉપસ્થિત રહ્યા હતા.

સ્વામિનારાયણ યુનિવર્સિટી સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો સ્વાગત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

શ્રી સ્વામિનારાયણ વિશ્વ મંગલ ગુરુકુળ ,કલોલ સંચાલિત સ્વામિનારાયણ યુનિવર્સિટી સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનું સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં સંસ્થાના કુલપતિ પ્રો. (ડો.) એમ. એસ. રાવ , પ્રો.(ડો.) અજીત ગંગવાની,રજીસ્ટ્રાર અને ડો. ગુંજન શાહ, ડિન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સંસ્થાના સર્વે સ્ટાફ મિત્રો અને અધિકારી ગણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડો.ગુંજન શાહ દ્વારા વિદ્યાર્થીઓને પ્રસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. તેમજ સ્વાગત સાથે ગુરુકુળ પરિવારમાં એમના પ્રથમ દિવસ સાથે શુભકામનાઓ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સર્વે વિદ્યાર્થીઓને સ્વામિનારાયણ ગુરુકુળ પરિવારમાં સંતો દ્વારા વિશેષ આર્શીવચન સાથે સત્કારવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્વામી ભક્તવસલદાસજી અને સ્વામી અનુપમ દાસજી દ્વારા વિદ્યાર્થીઓને સંસ્કાર સાથે સર્વાંગી વિકાસ માટેના આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

જન્મદિને વધામણી

રઘુસિંહ ગોલ
મો. ૯૮૨૫૪ ૮૧૨૭૭

દિલીપસિંહ રાણા
મો. ૮૧૪૧૭ ૧૬૧૦૯

ઉલ્લાસબેન તેજસભાઈ દવે
મો. ૭૦૪૩૭ ૧૬૧૦૪

હરિભાઈ જે સોલંકી
મો. ૯૮૨૫૧ ૭૨૫૩૫

હિનાબેન
અતુલકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૯૯ ૫૯૧૬૩

વાળા યોગીરાજસિંહ વી
મો. ૯૮૨૪૦ ૪૯૫૫૯

ઋષાંત વિશાલ રાજદીપ

તીર્થ અલ્પેશકુમાર શ્રીમાળી
મો. ૯૬૮૭૧ ૨૭૭૯૮

નીલ ઝાખાવાડિયા

કીશા કોશિક શ્રીમાળી

માહી મનુજી ઠાકોર

વૈદિક પૂજન સાથે સે-૩/ન્યુમાં ૩૦૩ વૃક્ષોનું વાવેતર

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની હરિયાળી સીટી બનાવવાના હેતુથી ગાંધીનગર મનપા વોર્ડ નં ૯, સેક્ટર ૩ ન્યૂ ખાતે વડના છોડનું વૈદિક પૂજન કરી, ૩૦૩ વૃક્ષો વાવવામાં આવ્યાં હતાં. વૃક્ષારોપણના કાર્યક્રમમાં ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, કોર્પોરેટર, હોદ્દેદારો, મહિલા મોરચાના પ્રમુખ, સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષાના પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી, મહામંત્રી મનોજભાઈ જોષી, કાર્યકર્તા મિત્રો તથા મોટી સંખ્યામાં વસાહતીઓ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આર.એન.પટેલ પ્રાયમરી સ્કુલ દ્વારા પુસ્તકાલયની મુલાકાત યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

શ્રીમતી આર.એન.પટેલ પ્રાયમરી શાળામાં ગ્રંથપાલ દિવસ હોવાથી ધોરણ ૮/સી,ડી ના વિદ્યાર્થી મિત્રોએ બી.એડ. કોલેજમાં આવેલા પુસ્તકાલયની મુલાકાત લીધી. ત્યાંના ગ્રંથપાલ દક્ષાબેન પટેલ અને સુરજીતસિંહે ગ્રંથપાલની કામગીરી વિશે સમજૂતી આપી હતી. ધોરણ - ૮/એની એન્જલ અને ધોરણ - ૮/સીના સંભવે, ધોરણ-૭ હર્ષ ફૂલતરિયાએ પણ ગ્રંથપાલની કામગીરીની માહિતી વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી. ગ્રંથપાલ બનવા માટે કયો અભ્યાસ કરી શકાય અને કઈ ડિગ્રી મેળવી શકાય તેની સમજૂતી સાથે શાળાના ભાષા શિક્ષક ભગવતીબેને પણ માહિતી આપીને લાઈબ્રેરી સાયન્સના અભ્યાસથી સૌ કોઈને વાકેફ કર્યા હતા.

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સાઈબર અવરનેસ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

શ્રી એખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત C.W.D.C અંતર્ગત સાઈબર ક્રાઈમ અવરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે કોલેજના પ્રિ. ડૉ. એમ.એમ.ચૌધરીએ મહાનુભાવોનું પુષ્પથી સ્વાગત કર્યુહતુ. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ગાંધીનગરના અધિકારીઓ પીઆઈ વી.એમ. ધાંધલિયા, પીએસઆઈ એચ.એલ. સરવૈયા, કોન્સ્ટેબલ ભાયા, અગ્રવાલ વ્યાસાએ ટેકનિક સ્ટાફ ઉપસ્થિત રહી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી સાઈબર અવરનેસ માટે કંઈ બાબતનું ધ્યાન રાખવું, તમારી જાગૃતતા છતાં સાઈબર ક્રાઈમ થાય તો હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ કરી શકાય અને કઈ કઈ બાબતોને મોબાઈલ-લેપટોપ જેવા ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈસનો ઉપયોગ કરવા પર ટાદ્રવુ વિગેરે બાબતો પર વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન-આયોજન અને સંચાલન C.W.D.C.ના કન્વીનર ડૉ. લીના સ્વાદિયા અને કો. કન્વીનર ડૉ. હેમાંગિની વાઘેલાએ કર્યુ હતુ.

ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે વર્ષાગીત સ્પર્ધા

ગાંધીનગર, તા.૧૯

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગમાં વર્ષા ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૯ અને ૧૧ની વિદ્યાર્થીનીઓએ ખૂબ જ સુંદર વર્ષા ગીત રજૂ કર્યા હતા. શાળાના ઈન્ચાર્જ આચાર્ય હસમુખભાઈ ચૌધરી તથા ભાષા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધા યોજાઈ હતી.

લીંબોદરા હાઈસ્કુલમાં વિદ્યાર્થી પરિષદની ચૂંટણી યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

ભારત દેશની લોકશાહી પધ્ધતિને ઉજાગર કરવાના હેતુથી પી.પી.આર.શાહ હાઈસ્કુલ લીંબોદરામાં શૈક્ષણિક વર્ષ માટે ધો.૬થી ૧૨ના તમામ વર્ગોમાં વર્ગનું પ્રતિનિધિત્વ કરવા દરેક વર્ગમાં લોકશાહી પધ્ધતિથી વર્ગ પ્રતિનિધિની ચૂંટણી કરી શાળાના આચાર્ય તેજસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી પરિષદની રચના કરવામાં આવી હતી તથા વિદ્યાર્થીઓને ચૂંટણીમાં મત આપવાની પધ્ધતિથી માહિતગાર કરાયા હતા.

એમ.બી.પટેલ ગર્લ્સ સ્કૂલમાં અંગ્રેજી વિષયની પ્રવૃત્તિ

ગાંધીનગર, તા.૧૯

એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં ધોરણ-૮ની અંગ્રેજી વિષયની યુનિટ-૨માં આવતી એક્ટિવિટીનું નાટક ધોરણ-૮માં અંગ્રેજી લેતા વિષય શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. અંગ્રેજી વિષયમાં વધુને વધુ રસ લેતા થાય અને અંગ્રેજી વાક્યો સારી રીતે બોલી શકે તે હેતુસર આ પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. જેમાં ધોરણ-૮ના તમામ વર્ગોમાંથી ૩૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના સુપરવાઈઝર તથા આચાર્યએ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેકટર-૫/એ પંચમુખી મહાદેવ મંદિર ખાતે સ્ટોનના કલાત્મક હિંડોળાનુ ભક્તિ ભાવથી આયોજન



ગાંધીનગર, તા.૧૯

સેકટર-૫-એ પંચમુખી મહાદેવ મંદિર ખાતે રાધાકૃષ્ણ મંડળની બહેનો તથા નિરૂબેન નાયક, તારાબેન દ્વારા કલાત્મક હિંડોળા બનાવવામાં આવેલ છે. આ સિવાય રાધાકૃષ્ણ મંડળના બહેનો દ્વારા રાખડી, ફુલના, સુકામેવા તેમજ બિસ્કીટ, ચોકલેટ, ફુલના અને ભરતગુથણ વિગેરેના હિંડોળા બનાવવામાં આવે છે. જેનો સેકટર-૫/એની ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં દર્શનનો લાભ લે છે. તથા આ કલાત્મક હિંડોળા નિરૂબેન નાયક તથા રાધાકૃષ્ણ મંડળની બહેનો દ્વારા બનાવવામાં આવે છે અધિક માસમાં બહેનો દ્વારા સંવારે શિવમહિમા સ્તોતનો પાઠ કરી પુજન વિધી કરવામાં આવે છે. મંદિર ખાતે સેકટરની ધર્મપ્રમી જનતા દ્વારા તમામ ધાર્મિક ઉત્સવો ભક્તિ ભાવથી ઊજવવામાં આવે છે. આગામી દિવસોમાં પણ અલગ અલગ હિંડોળા બનાવવામાં આવનાર છે. જેના દર્શનનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને નિરૂબેન નાયક દ્વારા જણાવવામાં આવ્યું છે.

બાલવાટિકા ખાતે કલર્સ ડે ઉજવાયો

ગાંધીનગર, તા.૧૯

સેક્ટર ૨૪ ગાંધીનગર ખાતે આવેલ જાણીતી અને લોકપ્રિય બાલ વાટિકા સુપર કીડ્સ સે-૨૪ વિદ્યાર્થીઓના બાલ માનસને અનુરૂપ અનેકવિધ કાર્યક્રમ કરતા હોય છે. આ અનુસંધાનની શ્રેણીમાં વિદ્યાર્થીઓ કલર્સ એટલે કે રંગોની ઓળખ મેળવે એટલા માટે કલર્સ ડેનું ભવ્ય આયોજન, સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું. જાનીવાલીપીનારા.. સૂત્ર અનુસાર અને લાલ પીળોને વાદળીએ મૂળ રંગ કહેવાય..ના સુત્રોચારથી વિદ્યાર્થીઓએ વાતાવરણ ગજવી મૂક્યું હતું અને એક અહલાદક અનુભવ થયો હતો

સી.એમ.પટેલ નર્સિંગ કોલેજ ખાતે શપથવિધિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી ગાંધીનગર સંચાલિત કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ગાંધીનગર સેક્ટર૧૨ સિવિલ કેમ્પસમાં સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે વિદ્યાર્થીઓ માટે શપથ વિધિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલની અધ્યક્ષતામાં, મુખ્ય મહેમાન તરીકે ભાઈલાલભાઈ પટેલ સીએ સંવેદના ફાઉન્ડેશન, ડો.ગાર્ગી રાજપરા, ઈન્ચાર્જ ડાયરેક્ટર ઓફ કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ખાસ મહેમાન તરીકે ડૉ નિયતિ લાખાણી મેડીકલ સુપ્રીટેન્ડેન્ટ ગાંધીનગર તથા જાગૃતિબેન પટેલ નર્સિંગ સુપ્રીટેન્ડેન્ટ ગાંધીનગર સિવિલ, કૃષ્ણકાંત જે.પટેલ સરદાર ધામ તથા ગાંધીનગર સિવિલના સ્ટાફ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. બીએસસી નર્સિંગની ૧૫મી બેચ, જીએનએમ નર્સિંગની ૧૩મી બેચ તથા એએનએમ નર્સિંગની ૧૧મી બેચના કુલ ૧૪૩ વિધાર્થીઓએ શપથ ગ્રહણ કર્યા હતા. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભાવીશા પટેલે વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. શ્રી ભાઈલાલભાઈ પટેલે શપથ ગ્રહણ કરનાર વિધાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. કોલેજેમાં પ્રથમ, દ્વિતીય ક્રમે આવનાર વિધાર્થીઓને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમનું સંચાલન કુપાલિ વોરા તથા દૃષ્ટિ પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમની આભારવિધિ આસિ. પ્રો.સ્નેહલ પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ સ્ટાફ સભ્યો એ જહેમત ઉઠાવી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.બિહોલા શોભારબા કુબેરજી** ઉ.વ.૭૮, પેથાપુર
- **સ્વ.ઠક્કર રમેશચંદ્ર હરગોવનદાસ** ઉ.વ.૫૮, ગાંધીનગર
- **સ્વ.ભટ્ટ ભગવતીબેન નટવરલાલ** ઉ.વ.૮૧, વાવોલ
- **સ્વ.બેલાવાળા જયવંતભાઈ રતિલાલભાઈ** ઉ.વ.૮૧, અડાલજ
- **સ્વ.વાઘેલા છત્રસિંહ ગંભીરસિંહ** ઉ.વ.૮૩, દોલારાણાવાસણા
- **સ્વ.વાઘેલા સુરેન્દ્રસિંહ છત્રસિંહ** ઉ.વ.૪૭, પીંડારડા
- **સ્વ.ઠાકોર રમિલાબેન બાપુજી** ઉ.વ.૪૬, શિહોલી મોટી
- **સ્વ.અગ્રવાલ સ્નેહલતા** ઉ.વ.૮૦, સાઉથ વેસ્ટ, દીલ્હી
- **સ્વ.ઠાકોર ધુળાજી શકરાજી** ઉ.વ.૭૦, માણેકપુર, માણસા
- **સ્વ.નાયક રમેશભાઈ સોમનાથ** ઉ.વ.૬૮, ભાવપુરા, કડી